# કદાપી હોય નૈ

વજનઃ ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા

પંચમ શુક્લ

એ વાવમાં વસતો ભલે, મંડુક કદાપી હોય નૈ,
એનું મનોહર વિશ્વ પણ સંદૂક કદાપી હોય નૈ.

માહેર છે એ છદ્મવેશે ઘૂમવામાં આજ પણ,
નવતર ભલે દેખાય, આગંતુક કદાપી હોય નૈ.

આવી ઉભે "ભિક્ષાન્ન-દેહિ" દ્વાર પર કહીને અને,
ઠલવી જતો ઝોળી ય એ ભિક્ષુક કદાપી હોય નૈ.

એ પ્રેમઅંશી પિંડ છે, પ્રગટ્યાં કરે વિધવિધ રુપે,
એની સહજ અભિવ્યક્તિઓ કામુક કદાપી હોય નૈ.

ઘટ-ઘટ મહીં જે કૈં ઘટે એ કાર્ય-કારણથી ઘટે,
ઘટના સ્વયં એકેય નિર્હેતુક કદાપી હોય નૈ.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫